ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૪૫ | ૨૬ ફેબ્રુઆરી, ૨૦૧૬, શુક્રવાર ; મહા વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

તાપમાન
મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૧૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૧ ટકા ● સાંજે ૨૦ ટકા

ફટાફટ ન્યુઝ

- ઇ-કેટરિંગ સાર્વિસ ૪૦૮એ-૧ સ્ટેશનો સુધી આપવા જાહેરાત
- અમદાવાદ-મુંબઇ ટ્રેન કોરિડર જાપાનની સહાયથી શરૂ કરાશે
- બજેટમાં તમામ વર્ગના લોકોની અપેક્ષાઓ પૂર્ણ કરાઈ છે : મોદી
- વર્ષ ૨૦૨૦ સુધીમાં તમામ ટ્રેનોમાં બાયોટોઇલેટ રહેશે
- રેલવે બજેટમાં વિકાસ, રોજગાર પર ધ્યાન અપાયું : સીઆઈઆઈ
- રેલ બજેટ : યોજના કદ ૧.૨૧ લાખ કરોડ થયું
- રેલવે બજેટ વચ્ચે નિફ્ટી ૭૦૦૦થી નીચે પહોંચ્યો
- ૧૦,૭૦૦ કરોડના રેલવે પ્રોજેક્ટોને મંજુરી અપાઇ

રેલ બજેટમાં યાત્રી ભાડા યથાવત

વધુ ૬૫,૦૦૦ બર્થ અને ૧૭,૦૦૦ બાયો ટોઈલેટ લગાવવામાં આવશે : વધુ ૪૦૦ સ્ટેશનો પર વાઈ-ફાઈ સુવિધા : વરિષ્ઠ નાગરિકો અને મહિલાઓ માટે નીચેના બર્થનો ક્વોટા વધારાયો, ૮૨૦ આરઓબી/આરયુબીનું નિર્માણ

નવી દિલ્હી, તા. ૨૫

આ વર્ષે રેલવે બજેટમાં યાત્રી ભાડામાં કોઈ વૃદ્ધિ કરવામાં આવી નથી. રેલવે મંત્રી શ્રી સુરેશ પ્રભાકર પ્રભુએ આજે સંસદમાં વર્ષ ૨૦૧૬-૧૭નું રેલવે બજેટ રજૂ કરતાં રેલવેની ઉપલબ્ધિઓ, યોજનાઓનું નિષ્પાદન અને આગામી મહત્વપૂર્ણ પરિયોજનાઓની જાણકારી આપી શ્રી પ્રભુએ કહ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની અભિકલ્પના અને નેતૃત્વએ ભારતીય રેલને ખૂબ પ્રોત્સાહન આપ્યું છે. રેલ મંત્રીશ્રી સુરેશ પ્રભાકર પ્રભુએ ૨૦૨૦ સુધી આમ આદમીની લાંબા સમયથી ચાલી આ વે લી આશાઓને પૂર્ણ ક રવા ની વચનબદ્ધતા દર્શાવી. તેમણે કહ્યું કે સાર્વજનિક-ખા ના ગી ભાગીદારી અંતર્ગત સ્ટેશનોના પુનર્વિકાસ માટે મંત્રીમંડળની પણ સ્વીકૃતિ મળી ચૂકી છે.

શ્રી સુરેશપ્રભુએ પડકારોનો સામનો કરવા માટે ભારતીય રેલના પુનર્ગઠન, પુનર્નિર્માણ, પુનરૂદ્ધાર માટે 'ચલો મળીને કંઈક નવું કરીએ'નો નારો આપ્યો. તેમણે કહ્યું કે તેના માટે કાર્યનીતિના ત્રણ સ્થંભો - નવ અર્જના, નવ માનક, નવ સંરચનાના આધાર પર કાર્ય કરવામાં આવશે.

તેમણે કહ્યું કે ૨૦૧૫-૧૬ માટે ૮,૭૨૦ કરોડ રૂપિયાની આવકની મોટી બચત થવાથી અછતને પૂર્ણ કરી શકાશે. તેમણે કહ્યું કે ૨૦૧૬-૧૭ માટે પરિચાલન અનુપાતનું નિર્ધારિત લક્ષ્ય ૯૨ ટકા છે. શ્રી પ્રભુએ કહ્યું કે સાતમા પગાર પંચનું તાત્કાલિક પ્રભાવ સામેલ કર્યા બાદ સાધારણ સંચાલન વ્યયને ૧૧.૬ ટકા સુધી સિમિત રાખવું, ડીઝલ અને વીજળી વપરાશમાં યોજનાબદ્ધ ઘટાડો, ૧,૮૪,૮૨૦ કરોડ રૂપિયાની આવક સર્જનનું નિર્ધારિત લક્ષ્ય છે.

શ્રી પ્રભુએ રેલવે અને રેલવેને વધઆરે સુવિધાજનક બનાવવા માટે ભારતીય રેલવેમાં યાત્રીઓને વધુ સુવિધાઓ પૂરી પાડવાનો પ્રસ્તાવ કર્યો છે. તેના

● અનુસંધાન પાન-૭ પર

દિવ્યાંગો, વરિષ્ઠ નાગરિકો અને મહિલા યાત્રીઓ માટે સુવિધાઓ

નવી દિલ્હી, તા. ૨૫

રેલવે મંત્રી શ્રી સુરેશ પ્રભાકર પ્રભુએ કહ્યું કે ભારતીય રેલ દિવ્યાંગ, વરિષ્ઠ નાગરિકો અને મહિલા યાત્રીઓ પ્રત્યે પોતાની સામાજિક જવાબદારીનું નિર્વાહ કરી રહી છે. આજે સંસદમાં ૨૦૧૬-૧૭નું રેલવે બજેટ રજૂ કરતાં તેમણે કહ્યું કે દિવ્યાંગો માટે ઓનલાઈન ટિકીટ બુકીંગ કરતા સમયે છૂટ લેવા માટે એક વખત નોંધણી કરવાનું અને વ્હીલચેર તથા બ્રેઈલ લીપીવાળા નવા ડબ્બાની ઓનલાઈન બુકીંગની શરૂઆત કરવામાં આવી છે.

તેમણે કહ્યું કે ડબ્બામાં વરિષ્ઠ નાગરિકો અને મહિલાઓ માટે નીચેના બર્થનું આરક્ષણ વધારવામાં આવ્યું છે. આવતા નાણા વર્ષમાં રેલવે પ્રત્યેક સવારી ડબ્બામાં વરિષ્ઠ નાગરિકોનું આરક્ષણ ૫૦ ટકા વધારી રહ્યું છે. જેના પરિણામ સ્વરૂપે પ્રત્યેક રેલ ગાડીમાં વરિષ્ઠ નાગરિકો માટે લગભગ ૧૨૦ નીચેના બર્થ ઉપલબ્ધ થશે. તેમણે કહ્યું કે મહિલાઓની સુરક્ષાને જોતાં વચ્ચેના ડબ્બા તેમના માટે આરક્ષિત કરવામાં આવશે.

નવી ટ્રેનોની જાહેરાત

- હમસરફ એક્સપ્રેસ સંપૂર્ણપણે થર્ડ એશી રહેશે. ઘર જેવા ભોજનની સુવિધા
- ઉદય ડબલડેકર ટ્રેન દોડાવાશે. તેની ક્ષમતાને ૪૦ ટકા સુધી વધારાશે
- ધાર્મિક સ્થળો માટે આસ્થા સર્કિટ ટ્રેન દોડશે
- તેજસ એક્સપ્રેસ ૧૩૦ કિલોમીટર પ્રતિકલાકની ઝડપે દોડશે જેમાં મનોરંજન, ઘર જેવા ભોજન, વાઈ-ફાઈ અને અન્ય વિશ્વસ્તરની સુવિધા
- સામાન્ય લોકો માટે અંત્યોદય એક્સપ્રેસ લાંબા અંતરની અનરિઝર્વ ટ્રેન રહેશે જેને વ્યસ્ત રુટ ઉપર દોડાવવામાં આવશે

ટુરિસ્ટ સર્કિટ ટ્રેનોનાં કામકાજ માટે રેલવે રાજ્ય સરકારો સાથે હાથ મિલાવશે

નવી દિલ્હી, તા. ૨૫

રેલવે મંત્રી શ્રી સુરેશ પ્રભાકર પ્રભુએ આજે સંસદમાં વર્ષ ૨૦૧૬-૧૭નું રેલવે બજેટ રજૂ કરતી વેળાએ જણાવ્યું હતું કે આર્થિક વિકાસ અને રોજગાર સર્જન માટે પ્રવાસન ક્ષેત્રમાં ઘણી શક્યતાઓ રહેલી છે. ભારતીય રેલવે ટુરિસ્ટ સર્કિટ ટ્રેનોનાં કામકાજ માટે રાજ્ય સરકારો સાથે હાથ મિલાવશે અને આવકમાં ભાગીદારીના મોડેલની શક્યતા તપાસશે. ભારતીય રેલવેએ તાજેતરમાં નેશનલ રેલ મ્યુઝિયમમાં સુધારા કર્યા છે. પ્રવાસનને પ્રોત્સાહન આપીને રેલવે મ્યુઝિયમો તેમજ યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ રેલવે પર અમે વિશેષ ધ્યાન આપીશુ એમ શ્રી પ્રભુએ જણાવ્યું હતું. રેલવે મંત્રીએ ઉમેર્યું હતું કે ભારતની સમૃદ્ધ જૈવ વિવિધતા અને વન્યજીવન, ઈન્ક્રેડિબલ ઈન્ડિયા કેમ્પેઈનનો મહત્વનો હિસ્સો છે. આ વર્ષે આપણા રાષ્ટ્રીય પ્રાણી વાઘ વિશે જાગરુકતા ફેલાવવા માટે ભારતીય રેલવે કાન્હા, પેન્ચ અને બાંધવગઢના વન્યજીવનની સર્કિટને સમાવતુ ટ્રેનની મુસાફરી, સફારી અને રહેવાની વ્યવસ્થા સાથેનું સંપૂર્ણ પેકેજ ઓફર કરશે.

રેલવે બજેટ પ્રથમ નજરે...

- રેલવે યાત્રી ભાડામાં કોઈપણ વધારો ન કરાયો
- ચાર નવી કેટેગરીની ટ્રેનો દોડાવવાની જાહેરાત
- ટ્રેનોમાં પાયલોટ આધાર પર બાળકો માટે જમવાની અલગ વ્યવસ્થા
- રેલવે વરિષ્ઠ નાગરિકો માટે નીચેની સીટના ક્વોટાને વધારીને ૫૦ ટકા કરશે
- પસંદગીના સ્ટેશન પર પાયલોટ આધાર પર બાર કોડવાળી ટિકિટ મળશે
- રેલવે બોર્ડની ફેર રચના કરાશે
- ભારતના પ્રથમ રેલવે ઓટો કેન્દ્રનું ચેન્નાઈમાં ટૂંકમાં ઉદઘાટન કરાશે
- મુંકાઈમાં બે એલિવેટેડ ઉપનગરીય રેલવે કોરિડોર બનશે જેમાં ચર્ચગેટ-વિરાર અને સીએસટી-પનવેલનો સમાવેશ થાય છે
- હમસફર ટ્રેન ૧૩૦ કિલોમીટર પ્રતિકલાકની ઝડપે દોડશે
- પત્રકારો માટે રાહત દર પર ટિકિટોની ઈ-બુકિંગની વ્યવસ્થા
- ૨૦૨૦ સુધી ટ્રેનોમાં ઈચ્છા વેળા જ ટિકિટ મળશે
- મહિલાઓ માટે ૨૪ કલાકની હેલ્પલાઈન નંબર ૧૮૨
- રેલવેના બે એપ મારફતે ટિકિટ બુક અથવા કેન્સલ થશે
- ધાર્મિક સ્થળો માટે આસ્થા સર્કિટ ટ્રેન દોડાવાશે
- અમદાવાદથી મુંબઈ સુધી હાઈસ્પીડ ટ્રેન દોડશે
- કુલીને હવે કુલી નહીં બલ્કે સહાયક કહીને બોલાવાશે
- ૪૦૦ સ્ટેશનોને જાહેર-ખાનગી ભાગીદારી મારફતે આધુનિક બનાવાશે
- રેલવે સ્ટેશન પર મિલ્ક કુડની વ્યવસ્થા કરાશે
- જીપીએસ સિસ્ટમથી ટ્રેનોની યોગ્ય અને પાકી માહિતી મળશે
- ટ્રેનના દરેક કોચમાં જીપીએસ સિસ્ટમ ગોઠવાશે
- યાત્રીઓને ઘર જેવા ભોજન માટેની વ્યવસ્થા કરાશે
- દરેક કેટેગરીના કોચમાં ૩૩ ટકા સીટ મહિલાઓ માટે રિઝર્વ રહેશે
- ૧૨૪ સાંસદોએ સાંસદ ફંડમાંથી યાત્રી સુવિધાઓના વિકાસમાં યોગદાન આપવાની વાત કરી છે
- રેલવે પુલના નિર્માણ માટે ૧૭ રાજ્યો ભારતીય રેલવેની સાથે મળીને કામ કરશે
- ૨૦૨૦ સુધી ૯૫ ટકા ટ્રેનો યોગ્ય સમયે દોડાવાશે
- યાત્રીઓના ભાડામાં સબસિડીના પરિણામ સ્વરુપે રેલવેને ૩૦૦૦૦ કરોડનું નુકસાન
- રેલવેમાં એલઆઈસી ૧.૫ લાખ કરોડનું રોકાણ કરશે
- ગયા વર્ષના ૧૩૯ વચનો પર કામ જારી છે
- તમામ મોટા સ્ટેશન પર સીસીટીવી અને મહિલાઓ માટે હેલ્પલાઈન રહેશે
- રેલવે વિજળીકરણ પર ખર્ચમાં ૫૦ ટકાનો વધારો કરાયો. આગામી વર્ષે ૨૦૦૦ કિલોમીટર રેલવે માર્ગનું વિજળીકરણ થશે
- રેલવેને સરકાર તરફથી ૪૦૦૦૦ કરોડનો અંદાજપત્રીય ટેકો મળશે
- રેલવેમાં દુર્ઘટનાના સ્તરને શૂન્ય સુધી લઈ જવાશે
- ૨૫૦૦ વોટરવેન્ડિંગ મશીન સ્થાપિત કરાશે
- ટ્રાફિક લોડને ઘટાડવા માટે વૈકલ્પિક તપાસ ચાલી રહી છે
- આગામી વર્ષે ૪૦૦ સ્ટેશનો પર વાઈ-ફાઈ ગોઠવાશે
- એટીએમથી ટિકિટ બુક કરવા પર કામ ચાલી રહ્યું છે
- માંગ આધારિત રેલવે ડબ્બાઓની સફાઈની વ્યવસ્થા થશે

● અનુસંધાન પાન-૭ પર

અંતે સંજય દત્તની જેલમુક્તિ

જેલમાં પોતાના વર્તનથી તમામના દિલ સંજયદત્તે જીતી લીધા હતા : ગેરકદાયદેરીતે હથિયારો રાખવા બદલ બોલિવુડના સુપરસ્ટારને કઠોર સજા કરાઈ હતી : સારા વર્તનના કારણે આઠ મહિના પહેલા જેલમાંથી મુક્તિ થઈ

મુંબઈ, તા.૨૫

બોલિવુડના લોકપ્રિય અભિનેતા સંજયદત્તની તમામ કાયદાકીય ગૂંચનો આજે સવારે અંત આવી ગયો હતો. ધારણા પ્રમાણે જ સંજયદત્તને આજે સવારે જેલમાંથી મુક્ત કરવામાં આવ્યો હતો. તે જેલમાંથી બહાર નિકળ્યા બાદ પાછળ વળ્યો હતો અને જેલની છત પર લહેરાઈ રહેલા તિરંગા ધ્વજને સલામી આપી હતી. તેની સાથે તેની બહેન માન્યતા અને તેના નજીકના મિત્ર અને લોકપ્રિય ફિલ્મ નિર્માતા રાજુ હિરાની પણ હતા. સંજયદત્ત જેલમાંથી બહાર નિકળ્યા બાજ વ્હાઈટ કલરની એસયુવી ગાડીમાં બેસીને એરપોર્ટ જવા રવાના થયો હતો. ચાર્ટર્ડ ફ્લાઈટ મારફતે લોહેગાંવ વિમાની મથકથી સંજયદત્ત રવાના થયો હતો. ૫૬ વર્ષીય ઓનસ્ક્રીન ખલનાયક સંજય દત્ત તેની પાંચ વર્ષની સજાના બાકીના ૪૨ મહિના જેલમાં રહ્યો હતો. તેના રોકાણ વેળા વારંવાર પેરોલ અને ફર્લોને લઈને વિવાદો ધયા હતા. જેલમાં મુક્તિ માટેની તમામ કાયદાકીય વિધિ પુરી કરવામાં આવ્યા બાદ તેને છોડી મુકવામાં આવ્યો હતો. ૩૧મી જુલાઈ ૨૦૦૭ના દિવસે ટાડા કોર્ટે સંજય

● અનુસંધાન પાન-૭ પર

હું આતંકવાદી નથી : સંજય દત્ત

મુંબઈ,તા. ૨૫

જેલમાંથી મુક્ત થયા બાદ બોલીવુડ અભિનેતા સંજય દત્તે પત્રકાર પરિષદ યોજી હતી. સાથે સાથે ફોલોઅર્સ સાથે પણ વાત કરી હતી. જેમાં

સંજય દત્તે પોતાના અનુભવની વાત કરી હતી. પત્રકારો અને અન્યો દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના જવાબમાં સંજય દત્તે દરેક પ્રશ્નોના જવાબ આપ્યા હતા અને કહ્યું હતું કે, તે કોઈ ત્રાસવાદી નથી. ૧૯૯૩ના બ્લાસ્ટ કેસમાં તેના નામનો ઉલ્લેખ ન કરવા સંજય દત્તે કહ્યું હતું. સંજય દત્તને તેના ચાહકો બાબા તરીકે પણ બોલાવે છે. અભિનેતાએ કહ્યું હતું કે, તે

● અનુસંધાન પાન-૭ પર

છાલા પાસે મોડીરાત્રે બસ ખાડામાં ઉતરી જતા અફડાતફડીનો માહોલ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લાના છાલા ગામ પાસે ગુરૂવારની મોડી રાત્રે નેશનલ હાઈવે પર લકઝરી બસ અને ટ્રેક્ટર ટકરાતા બસ ખાડામાં ઉતરી જતા ગંભીર અકસ્માત સર્જાતા ૧૫ વ્યક્તિઓને ઈજાઓ પહોચી હતી. બસ ખાડામાં ઉતરતાના સમાચાર ગામમાં પ્રસરતા ૧૫૦૦થી ૨૦૦૦ ગ્રામજનો એકત્ર થઈ ગયા હતા. મદદ કરવાની ભાવનાથી એકત્ર થયેલા ટોળામાં ભારે દોડધામ વર્તાતી હતી. એમ્બ્યુલન્સ વાનને ઘટના સ્થળે પહોંચવામાં ભારે હાલાકી પડી હતી. જોકે પહેલા રાઉન્ડમાં ત્રણ ઈજાગ્રસ્તોને ગાંધીનગર સિવિલ ખાતે સારવાર અર્થે લાવી શકાયા હતા. હજુ ઈજાગ્રસ્તોની સંખ્યા અંગે કોઈ માહિતી સત્તાવાર રીતે મળતી નથી. પરંતુ આધારભૂત સુત્રો મુજબ સંખ્યા વધુ હોવાની દહેશત જણાય છે.

INTERNATIONAL Call Center
Hiring
Candidates for US Process
Fluency in English must.
Fixed Salary + Incentives
Ph : 079 - 30088925
30088926
Monday-Friday (10 am-6 pm)